પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.

શાહીબાગ,અમદાવાદ

વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.

Email:Spl1-ahd@gujarat.gov.in


## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:**

**ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૬૬ /૨૦૨૦**

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ મંત્રાલય ભારત સરકારના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તા.૨૭/૧૦/૨૦૨૦ તથા:

(૨) ગુજરાત સરકારના હુકમ ક્રમાંક : જીજી/૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૨/૧૧/૨૦૨૦ આધારે.

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને ધ્યાને લેતાં National Disaster Management Authority ના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.30/૦૯/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I(A) થી બહાર પાડવામાં આવેલ ગાઇડ લાઇનની અવધિ તા.૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : 40-3/2020-DM-I (A) થી તા.30/૧૧/૨૦૨૦ સુધી લંબાવવામાં આવેલ છે. કન્ટેઇનમેન્ટ ઝોનમાં તા.30/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવી છે, તથા કન્ટેઇનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં તા.30/૦૯/૨૦૨૦ ના હુકમ અનુસારની માર્ગદર્શક સુચનાઓ અનુસાર નિયત પ્રવૃતિઓ ચાલું રાખવા હુકમ કરવામાં આવેલ છે.

આથી કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૭/૧૦/૨૦૨૦ ના હુકમ તથા ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક : જીજી /૭૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ તા.૦૨/૧૧/૨૦૨૦ આધારે કન્ટેઇમેન્ટ ઝોનમાં તા.૦૧/૧૧/૨૦૨૦ થી તા.30/૧૧/૨૦૨૦ સુધી લોકડાઉનની અવધિ લંબાવવામાં આવેલ છે તથા ગૃહ વિભાગના તા.૦૧/૧૦/૨૦૨૦ ના જાહેરનામા ક્રમાંક : જીજી/૬૫/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી જાહેર કરવામાં આવેલ માર્ગદર્શક સુચનાઓ તેમજ તા.૯/૧૦/૨૦૨૦ ના હુકમ કમાંક :વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી તથા તા.૧૪/૧૦/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨ થી બહાર પાડવામાં આવેલ SOP/માર્ગદર્શક સુચનાઓ તથા અત્રેના જાહેરના ક્રમાંક:વિ.શા/જાહેરનામું/એ-એકશન/પરમીટ/૫૬/૨૦૨૦ તા.૧/૧૦/૨૦૨૦ માં જણાવેલ સુચનાઓ તા.30/૧૧/૨૦૨૦ સુધી યથાવત રાખવામાં આવે છે.

આથી હું અમિત વિશ્વકર્મા. ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર. અમદાવાદ શહેર. ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા. ૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.03/૧૧/૨૦૨૦ ના કલાક ૦૬/00 વાગ્યાથી તા.30/૧૧/૨૦૨૦ ના કલાક ૨૪/00 વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ હુકમ કરૂ છું:

-: હુકમ:-

તા.૩૦/૧૧/૨૦૨૦ સુધી કન્ટેઇમેન્ટ ઝોન/ માઇક્રો કન્ટેઇમેન્ટ ઝોનમાં લોકડાઉન યથાવત રહેશે.

1 **કન્ટેઇમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય, સમારોહ તથા Other congregation / large gatherings નું નીચેની શરતોને આધીન આયોજન કરી શકાશે.**

i. ૬ ફુટની દુરી સાથેનું Physical distancing અને તેના માટે Floor marking કરવાનું રહેશે.

ii. સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકીને રાખવાનો રહેશે.

iii. થર્મલ સ્કેનીંગ, ઓકિસમીટર ( સેનેટાઇઝર સાથે ) ની સગવડતા પૂરી પાડવાની રહેશે. સ્ટેજ, માઇક, સ્પીકર તેમજ ખુરશીઓને સમયાંતરે સેનેટાઇઝ કરવાની કરવાના રહેશે.

iv. હેન્ડ વોશ/સેનેટાઇઝરની સુવિધાને તમામે ફરજિયાત અમલા કરવાનો રહેશે.

v. સમારંભ દરમિયાન થુંકવા તેમજ પાન-મસાલા,ગુટખા સેવન પર સંપુર્ણપણે પ્રતિબંધ રહેશે.

vi. ૬૫ થી વધુ વયના વયસ્ક નાગરિકો, ૧૦ વર્ષથી ઓછી ઉંમરના બાળકો, સગર્ભા મહિલાઓ તેમજ અન્ય બિમારીઓથી પિડીત વ્યકતિઓ આ પ્રકારના સમારંભમાં ભાગ ના લે તે સલાહભર્યુ છે.

vii. આરોગ્ય સેતુ એપનો ઉપયોગ થાય તે હિતાવહ રહેશે.

viii. બેઠક વ્યવસ્થા ગોઠવતા સમયે ખુરશીની ચારેય બાજુ ૬ ફુટની દુરી જળવાઇ રહે તેની તકેદારી રાખવાની રહેશે.

ix. આ પ્રકારના પ્રસંગમાં જો ચા-નાસ્તો, ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ હોય તો તે સમારંભ સ્થળે નહિ. પરંતુ અલાયદા હોલ/ સ્થળે રાખવાનું રહેશે.જ્યાં એકજ સમયે ૫૦ થી વધું વ્યક્તિઓ એકત્રિત ન થાય તથા બેઠક વ્યવસ્થા દરમિયાન વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે ૬ ફુટનું અંતર જળવાય તેની કાળજી રાખવાની રહેશે.

x. તમામ કાર્યક્રમો દરમ્યાન તબીબી સુવિધાઓ તુર્તજ ઉપલબ્ધ થાય તે માટે જરૂરી પ્રબંધ કરવાનો રહેશે.

2. **બંધ સ્થળો જેવા કે હોટલ, હોલ, બેન્કવેટ હોલ, રેસ્ટોરન્ટ, ઓડીટોરીયમ, કમ્યુનિટી હોલ, ટાઉન હોલ, જ્ઞાતિની વાડી વિગેરે સ્થળે સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક, રાજકીય સમારોહ તથા other congregations / large gathering આયોજન કરવામાં આવે ત્યારે નીચે મુજબની સુચનાઓનો તથા ઉપરોકત 1 માં દર્શાવેલ બાબતોનું પાલન કરવાનું રહેશે.**

i. સ્થળની ક્ષમતાના ૫૦ % થી વધુ નહી. પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં જ સમારોહ/ પ્રસંગનું આયોજન કરી શકાશે.

ii. લગ્ન /સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ બાબતમાં જગ્યાની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.

iii. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના તા.૦૪/૦૬/૨૦૨૦ ના હુકમ ક્રમાંક : Z28015/19/2020-EMR( PT) થી ધાર્મિક સ્થળો, મોલ્સ, રેસ્ટોરેન્ટ, હોટલ, આતિથ્ય એકમો સંદર્ભમાં બહાર પાડવામાં આવેલ SOP નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

iv. એરકન્ડીશનીંગ / વેન્ટીલેશન માટે સી.પી.ડબ્લ્યુ.ડી.ની માર્ગદર્શિકાનું પાલન કરવાનું રહેશે.

3 જ્યારે પાર્ટી પ્લોટ, ખુલ્લા મેદાનો, સોસાયટીના કોમન પ્લોટ કે અન્ય ખુલ્લા સ્થળોએ સામાજીક, શૈક્ષણિક, રમત-ગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ધાર્મિક તથા other congregation નું આયોજન કરવામાં આવે ત્યારે નીચે મુજબની સુચનાઓનું પાલન કરવાનું રહેશે.

A. સામજિક કાર્યક્રમો:-

i. લગ્ન /સત્કાર સમારંભ જેવી અન્ય ઉજવણીઓ બાબતમાં જગ્યાની ક્ષમતાના ૫૦% થી વધુ નહિ પરંતુ મહત્તમ ૨૦૦ વ્યક્તિઓની મર્યાદામાં સમારોહ/પ્રસંગનું આયોજન કરી શકાશે.

ii. મૃત્યુ બાદની અંતિમ ક્રિયા/ધાર્મિક વિધીમાં મહત્તમ ૧૦૦ વ્યક્તિઓની મર્યાદા રહેશે.

B. તહેવારોની ઉજવણી/ ધાર્મિક કાર્યક્રમો :-

i. ધાર્મિક તહેવારોની ઉજવણી તથા તેને સબંધિત ધાર્મિક પુજા ઘરમાં રહીને પરીવારના સભ્યો સાથે રહીને કરવી સલાહભર્યું છે.

ii. આગામી તહેવારોની જાહેરમાં ઉજ્વણી માટે સ્થાનિક વહીવટી તંત્રની પુર્વ મંજુરી આવશ્યક રહેશે.

iii. પરંતુ મેળા, રેલી, પ્રદર્શનો, શોભાયાત્રા અને સ્નેહમિલન જેવા સામૂહિક કાર્યક્રમો જ્યાં મોટા પ્રમાણમાં લોકો એકત્રિત થવાની સંભાવના હોય તે પ્રતિબંધિત રહેશે.

4. કેન્દ્ર સરકારના તા.30/0૯/૨૦૨૦ ના હુકમ સાથેના Annexure-I માં જણાવવામાં આવેલ The National Directives for COVID-19 નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

5. જાહેરમાં થૂંકવા તથા જાહેરમાં યોગ્ય રીતે ચહેરો ન ઢાંકવા બદલ રાજય સરકાર દ્વારા વખતો વખતના હુકમથી નિયત કરવામાં આવેલ દંડને પાત્ર રહેશે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય તથા ગુજરાત સરકારના વખતો વખતના હુકમોથી આપવામાં આવેલ આદેશો તથા માર્ગદર્શક સુચનાઓ આખરી રહેશે અને તમામે ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:જાહેર વિજ્ઞાપન:-

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત ઉપર જણાવેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલ ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દૂરદર્શન કેન્દ્રો ઉપરથી પ્રસિધ્ધ કરાવવું.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય

ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૩/૧૧/૨૦૨૦ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

( અમિત વિશ્વકર્મા )
I/C પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :-

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી. ગુ.રા.ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે), ગુ.રા.ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી, દાણાપીઠ, અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.
(૯) નિયામકશ્રી માહિતી ખાતુ, ગુ.રા.ગાંધીનગર.
(૧૦) સંયુક્ત માહિતી નિયામકશ્રી બેરેક નં.૩, આંબાવાડી પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઇકોર્ટ, ગુ.રા.અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર-૧,૨/ક્રાઇમ બ્રાન્ચ/મુખ્ય મથક/ટ્રાફીકશાખા,
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૧માં પ્રસિધ્ધ કરવા સારૂં તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી. અ,વાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી(ઇન્ટે.), અમદાવાદ શહેર.
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા )
(૨૨) તમામ પો.ઇન્સ.શ્રીઓ અમદાવાદ શહેર.(જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)

(૨૩) પો.ઇન્સ.શ્રી રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે. સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઇન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.

(૨૫) પો.સબ.ઇન્સ.શ્રી સાબરમતી રેલ્વે પો.સ્ટે.

(૨૬) **PRO, C.P. Ahmedabad website, twitter handle, Facebook page** વિગેરે **Social Media** ઉપર પ્રસિધ્ધ થવા બાબત